# પાટનગરમાં મેદાનો તો ખોવાઈ જ ગયા

**સે. ૧૭નું હેલીપેડ ગ્રાઉન્ડ, સે. ૬નું મેદાન, સે. ૧૧નું રામકથા મેદાન વિકાસકાર્યોના કારણે ખોવાઈ ગયા, જાહેર કાર્યક્રમો માટે, નાગરિકો માટે મુશ્કેલી વધી**







ગાંધીનગર, તા. ૨૩

પાટનગરમાં મોટા મેદાનો ધીમે ધીમે ખોવાઈ રહ્યા છે. જેથી જાહેર કાર્યક્રમો માટે નાગરિકોને ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે.

ગાંધીનગમાં એક સમય હતો જ્યારે ગ્રીનરીની સાથે સાથે મોટા ગ્રાઉન્ડોના કારણે પણ ગાંધીનગર વખણાતુ હતુ. જ્યાં જાહેર કાર્યક્રમો જેવા કે કલ્ચરલ ફોરમની નવરાત્રી, રમત-ગમતના કાર્યક્રમો, રામકથા, હનુમાન ચાલિસાની કથા, ભરતી માટે વિદ્યાર્થીઓ રનીંગ કરતા, વાહન શીખવા મળે એમ જાહેર ગ્રાઉન્ડનો વિવિધ રીતે ઉપયોગ કરવામાં આવતો હતો. જ્યાં હવે એક પણ ગ્રાઉન્ડ ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. સેક્ટર-૧૭નું હેલીપેડ ગ્રાઉન્ડ જ્યાં પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્ર્ય દિનની મોટા પાયે ઉજવણીઓ કરાતી હતી, મોટા-મોટા જાહેર કાર્યક્રમો અહીંયા યોજાતા હતા ત્યાં હાલમાં એક્ઝીબેશન સેન્ટર બનાવી દેવાતા આ ગ્રાઉન્ડ જાહેર જનતા માટે છીનવાઈ ગયુ. પછી સેક્ટર-૧૧નું રામકથા મેદાન જ્યાં નવરાત્રીનું આયોજન મોટા પાયે કરવામાં આવતુ હતુ ત્યાં હવે મોટુ કોર્ટનું બિલ્ડીંગ બનવા જઈ રહ્યું છે તેથી જગ્યા ઓછી થઈ જશે. ત્યાર બાદ સેક્ટર-૬નું મેદાન જ્યાં મેળા, નવરાત્રી, રમત-ગમત, સમુહ લગ્નોત્સવ જેવી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવતું હતું. જ્યાં હવે અપનાબજાર કોમ્પલેક્ષ સહિતની બિલ્ડીંગ સ્થપાઈ ગઈ છે. સેક્ટર-૨૨માં સીટી સ્કવેર બનવાનુ હતુ જેની પાછળ ઘણો ખર્ચ કરવાનો નિર્ણય લેવાયો હતો તે સફળ થયુ નહિ. આમ શહેરમાં આવેલા વર્ષો જૂના મેદાનો નાગરિકોના ઉપયોગમાં ન આવતા માત્ર વ્યવસાયીક રીતે કાર્યરત થઈ રહ્યા છે. જેના કારણે જાહેર કાર્યક્રમો માટે નાગરિકોને મુશ્કેલી પડી રહી છે. નાના-મોટા કાર્યક્રમો માટે નાગરિકોને હવે ભાડેથી રંગમંચ અને ટાઉનહોલનો સહારો લેવાનો વારો આવ્યો છે. સૌ કોઈ માટે પોસાય તેમ નથી. મધ્યમ વર્ગના પરિવારો માટે ટાઉનહોલ હોય કે રંગમંચ હોય મોટા કાર્યક્રમો માટે ખર્ચો વધી જાય છે. જો કે ટાઉનહોલ પણ ત્રણ-ચાર વર્ષથી બંધ રહેતા મોટા કાર્યક્રમો માટે નાગરિકોને હાલાકી પડી રહી છે.

આમ ગાંધીનગરમાં ધીમે ધીમે વિકાસકાર્યો વધતા મોટા મેદાનો સંપૂર્ણ રીતે ખોવાઈ ગયા છે. ગાંધીનગરમાં વર્ષોથી ચાલતી નવરાત્રી જેમાં દૂર-દૂરથી ગરબાના રસિકો ગરબા રમવા માટે આવતા હતા તે નવરાત્રી માટેના મેદાનો પણ ખોવાઈ રહ્યા છે. થોડા વર્ષો બાદ પાટનગરમાં નવરાત્રીના આયોજનો થશે કે કેમ તે વિચારવા જેવુ છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે મોટી-મોટી મીટીંગો અને જાહેર કાર્યક્રમો થઈ રહ્યા છે જેમાં વિદેશી નાગરિકોનો ઉભરો રહેતા હોય છે. આ મહાત્મા મંદિરનો ઉપયોગ જાહેર કાર્યક્રમ માટે સ્થાનિક લોકો માટે ખૂબ અઘરૂ છે એટલે કે આ જમીનનો ઉપયોગ સરકારી કાર્યક્રમો માટે જ થઈ રહ્યો છે. વધુમાં મેદાનોની સાથે સાથે શહેરની ગ્રીનરી પણ ખોવાઈ રહી છે. જેના કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં નિરાસા વ્યાપી રહી છે. ગ્રીનરી ઓછી થવાના કારણે પાટનગરમાં ગરમીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે જેમાં સ્થાનિક નાગરિકોનો કોઈ વાંક ગણી શકાય નહી, પરંતુ ભોગ માત્ર સ્થાનિક લોકો બની રહ્યા છે. આમ પાટનગરમાંથી વર્ષો જૂના મેદાનો ખોવાઈ રહ્યા છે, આ બાબતે તંત્રએ ચોક્કસ વિચારવું જોઈએ.

## "સાબરમતી કોલિંગ" સ્વચ્છતા અભિયાનમાં જોડાતાં વધુ યુવાનો

**સાબરમતી નદીના પટમાંથી આઠ કોથળાં ભરીને પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું**



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં પ્રકૃતિ પ્રેમી યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા સળંગ ત્રીજા રવિવારની સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં આ વખતે શહેરના જીસીસી ગૃપ, હેપ્પી યુથ ક્લબ, સાવજ ફાઉન્ડેશન વગેરેના સ્વયંસેવકો પણ જોડાયાં હતાં. સ્વયંસેવકોએ શાહપુર બ્રિજ નીચેથી આ વખતે કુલ ૮ કોથળાં ભરીને પ્લાસ્ટિક સહિતનો કચરો એકત્ર કર્યો હતો. આ કાર્યમાં ગૃપના જીગ્નેશભાઈ પટેલ, ધ્રુવ ગોંસાઈ, મેહુલભાઈ તુવર, અક્ષર વૈષ્ણવ, સમીર રામી, ચિંતનભાઈ દવે, દેવભાઈ, ધ્રુવી દેસાઈ, ઈરફાન મલેક અને તેમના બંને દીકરા ફરહાન અને ઝિશાન, શ્રેયસભાઈ જાની, અંકિતા શર્મા અને તેજસભાઈ જોડાયાં હતાં. એકત્ર કચરાને યુવાનોએ મહાનગરપાલિકાના વેસ્ટ કલેક્શન વિભાગની વેસ્ટ કલેકશન વાન બોલાવી સુપરત કર્યો હતો. સદગમય ગૃપ દ્વારા આ પ્રવૃત્તિને નિયમિત ધોરણે ચલાવવાનો અને તેમાં શહેરના વધુને વધુ પ્રકૃતિ પ્રત્યે જાગૃત નાગરિકોને જોડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ ગૃપની આગામી સ્વચ્છતા અભિયાન પ્રવૃત્તિમાં જોડાવા માટે યુવાનોએ જાગૃત શહેરીજનોને મો.નં. ૭૬૦૦૦૦૨૧૭૪ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.




ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા સાસણ ગીર ખાતે ગાંધીનગર ના સુપ્રસિદ્ધ સાહિત્યકાર સામાજિક કાર્યકર વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા વિદ્યાર્થીઓ માટે આત્મ હત્યા નિવારણ કાર્યક્રમ યોજનાર, મહિલા ઓ માટે બ્રેસ્ટ કેન્સર જાગૃત અભિયાન ચલાવનાર હિન્દી ગુજરાતી સાહિત્ય નો પ્રચાર પ્રસાર કરનાર ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ નું વિશિષ્ટ સન્માન ટ્રોફી અને શાલ ઓઢાડી સન્માન નાયબ વન સંરક્ષક ડૉ મોહન રામ દ્વારા અને સં ગોષ્ઠી મંત્રના સંચાલક તથા શ્યામજી ભાઈ દેસાઈ દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

## સેક્ટર-૨૬ ગ્રીનસીટીમાં પાણીની પાઈપમાં ભંગાણ

**પંદર દિવસથી પાણીનો વ્યય થઈ રહ્યો છે તેમ છતાં કોઈ યોગ્ય કાર્યવાહી થઈ રહી નથી : તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી સ્થાનિકોની રજૂઆત**



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં પાણીની પાઈપલાઈનો ખોદવાનું કામ ચાલી રહ્યું છે. જેમાં તાજેતરમાં સેક્ટર-૨૬ ગ્રીનસીટી સોસાયટી ખાતે પ્લોટ નં. સ-૨૭ પાસે પાણીની લાઈનના ખોદકામ દરમિયાન લાઈન તૂટી જતા અઢળક પાણીનો વ્યય થઈ રહ્યો છે.

વસાહતીઓના ઘરની આગળ જ પાણીનો ભરાવો થવાના કાણે વસાહતીઓ ફરિયાદ કરી રહ્યા છે.

કારણ કે આ પાણીનો ભરાવો પંદર દિવસથી છે જેમાં હાલમાં મચ્છરોનો ઉપદ્રવ વધવા પામ્યો છે. સ્થાનિકોએ આ બાબતે તંત્રને રજૂઆત કરી છે તેમ છતાં કોઈ નિવેડો આવી રહ્યો નથી. તેથી ઝડપથી આ બાબતે ઉકેલ લાવવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

## એકાર્થ જીસીએફ કપ નાઈટ ટૂર્નામેન્ટમાં હર્ષ પટેલની ધમાકેદાર સેન્ચુરી..!!

**માત્ર ૪૧ બોલમાં ૯ સિક્સ અને ૧૨ ચોગ્ગા સાથે ૧૧૫ રન ફટકાર્યા : ગાંધીનગર પાયથને સરદાર ઈલેવનને જ્યારે ઈન્દ્રોડા ઈલેવને કાકા ઈલેવનને પરાજય આપ્યો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં સેક્ટર-૮ ખાતે કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત ‘એકાર્થ જીસીએફ કપ’ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં બીજા દિવસે રમાયેલી બે મેચો પૈકી પહેલી મેચમાં ગાંધીનગર પાયથન ટીમે સરદાર ઈલેવનને જ્યારે બીજી મેચમાં ઈન્દ્રોડા ઈલેવને કાકા ઈલેવનને પરાજય આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે એકાર્થ જીસીએફ કપ ટૂર્નામેન્ટ લાઈવ સ્ક્રિન પર પ્રસારણથી માંડીને લાઈટીંગ તથા બેઠક વ્યવસ્થા અને રનીંગ કોમેન્ટરીના કારણે ક્રિકેટ રશિયાઓમાં આકર્ષણ જમાવી રહી છે.

શનિવારે રાત્રે રમાયેલી પહેલી મેચમાં ગાંધીનગર પાયથન ટીમે હર્ષ પટેલની ૪૧ બોલમાં ૯ સિક્સર અને ૧૨ બાઉન્ડ્રીની મદદથી ધમાકેદાર સેન્ચુરી સાથેના ૧૧૫ અણનમ અને યુવરાજસિંહના ૧૯ બોલમાં ૭ સિક્સર અને ૨ ચોગ્ગા સાથે ૫૮ રનની ઈનિંગની મદદથી ૧૨ ઓવરમાં ૧૯૧ રનનો સ્કોર ખડક્યો હતો. આ મેચમાં સરદાર ઈલેવનનો પરાજય થયો હતો. આ પછી રમાયેલી બીજી મેચમાં ઈન્દ્રોડા ઈલેવને પ્રથમ બેટીંગ કરતાં ૧૨ ઓવરમાં મહેન્દ્રભાઈના ૨૬ બોલમાં ૭૩ રનની ઈનિંગની મદદથી ૧૭૮ રન ખડક્યાં હતા જેના જવાબમાં કાકા ઈલેવને માત્ર ૬૯ રનમાં સમેટાઈ જતા ઈન્દ્રોડા ઈલેવનનો વિજય થયો હતો.



શિક્ષાપત્રી ગ્રુપ દ્વારા આયોજિત શ્રી બાબા રામદેવપીર મહારાજનો "૧૦૮ જ્યોતના પાઠ" મા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા તારાપુર ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મેયર એ બાબા રામદેવપીરના દર્શન કરી સૌના જીવનમાં સુખ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી. આ વેળાએ ધારાસભ્ય સી .જે .ચાવડાજી, કોર્પોરેશનના ટાઉન પ્લાનર આર .એમ .પટેલ તથા મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યુ વાવોલમાં નવી સ્ટ્રીટ લાઈટોના ઓછાં પ્રકાશથી પરેશાની

ગાંધીનગર, તા.૨૩

વાવોલમાં છેલ્લાં કેટલાંક સમયથી વિકાસનો વાયરો



બરાબર ફુંકાઈ રહ્યો છે અને નીતનવા વિસ્તારો અસંખ્ય રહેણાંક અને કોમર્શિયલ સ્કિમોના ડેવલોપમેન્ટથી વાવોલ વિસ્તરી રહ્યું છે, ખાસ કરીને ટીપી-૧૩માં નવી નવી સોસાયટીઓના વિકાસ સાથે વસ્તિમાં ખૂબ વધારો થઈ રહ્યો છે. વાવોલમાં ન્યુ વાવોલ તરીકે જાણીતા બનેલાં વિસ્તારમાં ટીપી-૧૩માં માર્ગોના નવીની કરણ કરવામાં આવ્યાં છે અને નવી સ્ટ્રીટ લાઈટો લગાડાઈ છે. જોકે થોડા સમય પહેલાં આ માર્ગો જ્યારે રહેણાંક સ્કિમો એટલી વિકસી નહોતી અને માર્ગો સુમસામ રહેતાં હતાં ત્યારે જે સ્ટ્રીટ લાઈટોના જે વોલ્ટેજ હતા તેના કરતાં હવે જ્યારે નવી સોસાયટીઓ વિકસી ગઈ છે અને વસ્તી વધી છે ત્યારે લગાડાયેલી નવી સ્ટ્રીટ લાઈટોમાં એટલાં વોલ્ટેજ નથી જણાતાં જેને કારણે જોઈએ તેટલો પ્રકાશ નથી મળતો અને રાત્રિના સમયે ચાલવાં નીકળતાં નાગરિકો ખાસ કરીને મહિલાઓ અને બાળકો માટે જોખમી સ્થિતિ બની રહે છે. સત્વરે ન્યુ વાવોલના માર્ગો પરની સ્ટ્રીટ લાઈટોમાં પ્રકાશ વધે તેવો સુધારો કરાય તેવી આ વિસ્તારમાં માંગ ઉઠવા પામી છે.




ભાજપ કિસાન મોરચો અને મહિલા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા આયોજિત "મિલેટ્સ પ્રદર્શન" માં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ ભૈરવનાથ પાર્ટી પ્લોટ, રાયસણ ખાતે હાજરી આપી હતી. આ અવસરે મેયર એ જણાવ્યું કે આવો, આપણે સૌ ‘વોકલ ફોર લોકલ’ ને પ્રોત્સાહન આપીને આપણા પારંપરિક અને પૌષ્ટિક ભારતીય ધાનને વૈશ્વિક ઓળખ અપાવીએ.

## ગાંધીનગરના બગીચાઓમાં ભારે ભીડ

**વેકેશન, રવિવારની રજા અને ઈદની ઉજવણીના કારણે શહેરના બગીચાઓ મુલાકાતીઓથી ઉભરાયા : ખાણી-પીણી બજારમાં પણ ભારે ભીડ**



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના બગીચાઓમાં રવિવારે ભારે ભીડ જોવા મળી હતી. સેક્ટર--૨૮નું ગાર્ડન, ઈન્દ્રોડા પાર્ક, સરિત ાઉદ્યાન અને સેક્ટર-૧ના લેક ગાર્ડનમાં ભારે ભીડ જોવા મળી હતી. વેકેશન, રવિવારની રજા અને ઈદની ઉજણીના કારણે શહેરના બગીચાઓ પ્રવાસીઓથી રીતસર ઉભરાયા હતા.

ગાંધીનગરના બગીચ ાઓ તેની ઓળખાણ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તો શહેરના ઘણા બગીચાઓનું રીનોવેશન કરાતા અહીંની રોનક વધી છે. અવનવા આકર્ષણો દરેક બગીચામાં મુકાતા મુલાકાતીઓનુ આકર્ષણ વધુ રહે છે. હમણાં થોડાક દિવસોથી ઉનાળો જામ્યો છે ત્યારે બગીચાઓમાં ભીડ પણ વધતી જાય છે. રવિવારની રજામાં તો ભારે ભીડ ઉમટી પડે છે. ઈદ પછીના બીજા દિવસે શહેરના બગીચાઓમાં મુલાકતીઓની સંખ્યા સવિશેષ જોવા મળી હતી. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી મુલાકાતીઓ મોટી સંખ્યામાં ગાંધીનગર આવ્યા હતા. જેના કારણે શહેરના બગીચાઓમાં ભારે ભીડ જોવા મળી હતી. ખાસ કરીને સેક્ટર-૨૮નો બગીચો, સરીતાઉદ્યાન, ઈન્દ્રોડા પાર્ક, સેક્ટર-૧નો બગીચો અને સ્વર્ણિમ પાર્કમાં તો જાણે મેળો જામ્યો હોય તેટલી ભીડ જોવા મળી હતી. મોડી રાત સુધી અહી મુલાકાતીઓની ભીડ જોવા મળી હતી.મુલાકાતીઓએ બગીચાઓમાં ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ અને અન્ય રમતો રમવાનો આંદ માણ્યો હતો. આકરી ગરમી હોવા છતાં મુલાકાતીઓનો ઉત્સાહ ઓસર્યો ન હતો. મુલાકાતીઓની સંખ્યા સાંજે ખૂબ વધુ જોવા મળી હતી.

ખાણી-પીણીની માર્કેટમાં પણ તેજી જોવા મળી હતી. ઘ-પના ખાણી-પીણી બજાર અને રીલાયન્સ ચોકડીના ખાણી-પીણી બજારમાં મુલાકાતીઓ ઉભરાયા હતા. પાર્કિંગની સમસ્યા જોવા મળી હતી જ્યારે હોટલ, રેસ્ટોરન્ટમાં વેઈટીંગ રહ્યુ હતુ.